# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-08-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- બ્રિટિશ હાઈકમિશનરે રાજ્યના ઉદ્યોગ-રોકાણકારોને બ્રિટનમાં રોકાણ માટે સહયોગની ઉત્સુક્તા દર્શાવી
- સરકારી શાળામાં બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા શિક્ષકો સામે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશે
- કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવામાં યુવાનોની વિશેષ જવાબદારી હોવાનું જણાવ્યું
- આઈ આઈ એમ અમદાવાદને સતત પાંચમી વખત શ્રેષ્ઠ વ્યવસ્થાપન સંસ્થાનો પહેલો ક્રમાંક મળ્યો
- હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં આજે તિરંગા યાત્રા યોજાઇ
- રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## BRITISH HIGH COMMISSIONER MEET CM PATEL

બ્રિટીશ હાઈ કમિશનરે રાજ્યના ઉદ્યોગ-રોકાણકારોને બ્રિટનમાં રોકાણ માટે આવકારવા અને સહયોગની ઉત્સુક્તા દર્શાવી છે. ભારત સ્થિત બ્રિટીશ હાઈ કમિશનર લિન્ડિ કેમરોને ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત દરમિયાન આ વાત કહી હતી.

દરમિયાન સુશ્રી કેમરોને પુનઃપ્રાપ્ય ઊર્જા, સાયબર સુરક્ષા સહિત લોકો વચ્ચે સીધો સંપર્ક નિર્માણ કરવા પરસ્પર સહયોગની તત્પરતા દર્શાવી હતી. મુલાકાત દરમિયાન બંને મહાનુભાવોએ ઑલિમ્પિક્સ રમતના આયોજનની બ્રિટનની તજજ્ઞતાનો રાજ્યને લાભ મળે તે દિશામાં વિચાર વિમર્શ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, બ્રિટીશ ઉદ્યોગોને રાજ્યમાં ઉદ્યોગ સ્થાપના સહિતની જરૂરી સુવિધાઓ માટે રાજ્ય સરકાર પૂરતો સહયોગ આપશે.

------------------

## GOVT. ACTION AGAINST ABSENT TEACHERS

રાજ્યની સરકારી શાળામાં બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા શિક્ષકો સામે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ અંગે શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. દરમિયાન આવા શિક્ષકો સામે કાયદાકીય પગલાં લેવા અંગે પણ ચર્ચા થઇ હતી.

શ્રી પાનશેરિયાએ કહ્યું, આવા શિક્ષકો સામે પગલાં લેવા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ચર્ચા કરવામાં આવી છે. રાજ્યમાં હાલમાં 17 જિલ્લાના

શિક્ષકો બિનઅધિકૃત રીતે રજા પર હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે 32 શિક્ષકો અત્યાર વિદેશમાં છે. વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું...

**(બાઈટ - પ્રફૂલ પાનશેરિયા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી)**

..........................................

## MANSUKH MANDAVIYA YOUTH DAY

કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની હોવાનું જણાવ્યું છે.

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે યોજાયેલા "ઇમ્પેક્ટ વિથ યૂથ" કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા શ્રી માંડવિયાએ દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં તેમના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશના વિકાસમાં યોગદાન આપવા યુવાનોને હાકલ કરી હતી.

**(બાઈટ – ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)**

દરમિયાન તેમણે યુવાનોને માય ભારત પૉર્ટલનો મહત્તમ ઉપયોગ કરવા માટે યુવાનોને અપીલ કરી હતી. શ્રી માંડવિયાએ ઉંમેર્યું, હાલમાં ભારત સરકારનું સંપૂર્ણ ધ્યાન દેશના ભવિષ્ય સમાન યુવાનોમાં સમય અને શક્તિના રોકાણ પર કેન્દ્રિત છે.

કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રીના હસ્તે યુથ આઇકોન યુવાનોને સન્માપત્ર એનાયત કરાયા હતા. યુનિસેફ સહિતની વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને રમતગમત અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

------------------

## IIM A NIRF RANKING

અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટીટટ્યૂટ ઓફ મેનેજમેન્ટને શિક્ષણ મંત્રાલય દ્વારા સતત પાંચમી વખત દેશની સૌથી શ્રેષ્ઠ વ્યવસ્થાપન સંસ્થાનનો ક્રમાંક પ્રાપ્ત થયો છે.

શિક્ષણ મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલી શૈક્ષણિક સંસ્થાઓની યાદીમાં IIM-A ને આ સ્થાન પ્રાપ્ત થયું છે.

આ અંગે IIM-A ના નિદેશક પ્રૉફેસર ભરત ભાસ્કરે આ સંસ્થા પ્રબંધ શિક્ષણ અને સંશોધનમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા કટિબદ્ધ હોવાનું જણાવી, સતત પાંચમી વખત N.I.R.F. ની યાદીમાં સૌથી શ્રેષ્ઠ સંસ્થા તરીકે પસંદગી થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## Harghar Tiranga Yatra – District

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં તિરંગા યાત્રા યોજાઇ હતી. શિક્ષણ મંત્રી ડો કુબેર ડિંડોરે મહીસાગર જિલ્લાના બાકોર- પાંડરવાડા ખાતેથી તિરંગા બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે ધારાસભ્ય મોહન કોંકણીના અધ્યક્ષસ્થાને તિરંગા યાત્રા યોજાઈ હતી.

સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં ધારાસભ્ય શામજી ચૌહાણની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાની “તિરંગા યાત્રા” યોજઇ હતી. જેમાં તાલુકા પંચાયત કચેરીથી રામ ચોક, ઝવેરચંદ મેઘાણી સ્મારક, સહિતના માર્ગમાં શાળાના બાળકો જુદા- જુદા સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા ધારણ કરી જોડાયા હતા.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આજે કચ્છના ગાંધીધામ ખાતે ગાંધીમાર્કેટથી ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા રેલીનો સાંસદ વિનોદ ચાવડાએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે દરેક કચ્છવાસીઓને હર

ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. ગાંધીમાર્કેટથી પ્રારંભ થયેલી રેલી મુખ્યબજારથી ફરી ઝંડા ચોક ખાતે પૂર્ણ થઇ હતી.

ભાવનગરના પાલીતાણાની ડુંગરપુર ગામની આંગણવાડીના બાળકોએ કઠોળનો ઉપયોગ કરીને તિરંગો બનાવી ધ્વજને સલામી આપી અનોખી રીતે દેશભાવના વ્યક્ત કરી હતી. તળાજા નગરપાલિકા દ્વારા તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે રોપાઓનું પણ વિતરણ કરાયું હતું.

દાહોદના સિંગવડ ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું.

મહેસાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મચારીઓ દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. સતલાસણા તાલુકાના મુમનવાસ આંગણવાડી કેન્દ્રમાં બાળકોની હર ઘર તિરંગા રેલી યોજાઈ.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના કુદમ પોલીસ મુખ્યમથક ખાતે કલેકટર ભાનુ પ્રભાએ આજે બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યુ હતું આ બાઈક રેલી કુદમથી મલાલા, નાગવા, વણાકબારા, સાઉદવાડી, દગાચી, પટેલવાડી સહિતના વિસ્તારોમાં ફરી મુખ્યમથક ખાતે પૂર્ણ થઈ હતી

અરવલ્લીના મોડાસા ખાતે ભરતીય જનતા પાર્ટી દ્વારા તિરંગા યાત્રા યોજાઈ હતી જેમાં રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમાર તેમજ સાંસદ શોભના બારૈયા પણ જોડાયા, હતા. યાત્રાનો આરંભ મોડાસા ચોક ટાઉનહોલથી જ્યારે સમાપન ડુગરવાડા ચોકડી ખાતે કરાયું હતું.

સુરતમાં બારડોલીથી ધારાસભ્ય ઈશ્વર પરમારની આગેવાનીમાં તિરંગા યાત્રા યોજાઈ.

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવતીકાલે સવારે પોલીસ પ્લાટૂન સાથે તિરંગા યાત્રા યોજાશે.  ધરમપુર ખાતે સાંસદ ધવલ પટેલ અને ધારાસભ્ય અરવિંદ પટેલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ.

પોર્ટુગલમાં 10,000 ફુટ ઊંચાઈ પર સ્કાય ડાઈવિંગ કરીને મૂળ સુરતના આદિત્ય જાદવે  ભારતનો ત્રિરંગો લહેરાવ્યો હતો.

પંચમહાલના  શહેરા તાલુકા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં તિરંગા રેલીનું આયોજન કરાયું હતું. ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકા મથકો ખાતેથી ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર અને ફતેહસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં વિશાળ તિરંગા રેલીનું આયોજન કરાયું હતું.

વડોદરા શહેરમાં અને જીલ્લાના વિવિધ તાલુકાઓમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ સ્થળોએ, જાહેર માર્ગો પર, શાળા કોલેજના વિસ્તારોમાં મુખ્ય માર્ગો પર ઠેર ઠેર તિરંગા યાત્રા યોજાઈ હતી. વડોદરા જીલ્લાના મીયાગામ, અંબાલી, નાના હબીપુરા, મીંઢોળ, પુણિયાદ, માલપુર અને ટીંબરવા સહિતના જીલ્લાના ગામોમાં તિરંગા યાત્રાઓ યોજાઈ હતી.

------------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી સાત દિવસ સમગ્ર રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે આજે બપોર પછી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો ઑલર્ટ જાહેર કરાયું

છે. ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે.

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા દરમિયાન 134 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સત્તાવાર યાદી પ્રમામે, નવસારીના નવસારી તાલુકામાં સૌથી વધુ 88 મિલીમીટર વરસાદ વરસ્યો છે. જ્યારે

વિભાગના જણાવ્યા મુજબ, અમદાવાદ શહેરમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે અને શહેરના કેટલાક ભાગોમાં ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત આગામી 48 કલાક હજી પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોની દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

----------------------